શ્રી. કે.એલ.બારીયા, કમિશ્નર, વર્કમેન કોમ્પેનશેસન એકટ, મજુર અદાલત,
ભુજ–કચ્છ.

વ.કો.નોનફેટલ અરજી નં. ૨૭/૨૦૧૩

અશોકભાઈ રામલખન શર્મા,
ઉ.વ. ૪૨, ધંધો–પહેલા ડ્રાઈવીંગ, હાલે કાંઈ નહીં.,
રહે :– ગામ–ભીમાસર, તા. અંજાર–કચ્છ. અરજદાર.....

વિરૂધ્ધ

૧. નવિન નારાણભાઈ જરૂ,
ઓફીસ નં. ૨૦૯, બી.એમ.સી.બી. કોમ્પ્લેકસ,
પ્લોટ નં. ૧૯, સેકટર–નં. ૯, ગાંધીધામ–કચ્છ.

૨. યુનિવર્સલ સેમ્પો જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.,
૪૦૧, ચોથામાળે, સંગમ કોમ્પ્લેકસ,
૧૨૭ અંધેરી કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ) મુંબઈ. સામાવાળા...

પ્રતિનિધિત્વ :– અરજદાર તરફે :– શ્રી. એમ.એસ.ખાંડેકા, એડવોકેટ.
સામાવાળા નં. ૧ તરફે :– શ્રી. વી.કે.દવે, એડવોકેટ.
સામાવાળા નં. ૨ તરફે :– શ્રી. એસ.એચ.સચદે, એડવોકેટ.

<u>અરજદારની આંક–૧ ની વળતર અરજી નીચે હુકમ</u>

૧. આ કામના અરજદારે કર્મચારી વળતર અધિનિયમ હેઠળ અરજદારને સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતના પરીણામે નિપજેલ ઈજા અંગે વળતર મેળવવા માટે આ કામના સામાવાળા નં. ૧–૨ પાસે વળતરની રકમ રૂા. ૧૦,૨૫,૧૩૫/–, રૂા. ૨,૩૦,૦૦૦/– મેડીકલ સારવાર, રૂા. ૨૫,૦૦૦/– અર્ધ માસિક પગાર, એમ કુલ્લ રકમ રૂા. ૧૨,૮૦,૧૩૫/– ૧૨ % વ્યાજ સહીત તથા ૫૦ % પેનલ્ટી મેળવવા દાદ માંગેલ છે.

અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, કામના અરજદાર સામાવાળા નં. ૧ ની માલીકીના ડમ્પર નં. જીજે.૧૨.એ.વાય. ૦૩૬૫ ઉપર ફરજ બજાવતા હતા. તા. ૨૯/૫/૧૩ ના રોજ કંડલા ફ્રેન્ડ સોલ્ટ પુલની આગળ કંડલા મીઠુ ખાલી કરીને ઘઉં ભરવા માટે ડમ્પર પાણીથી સાફ કરતા હતા ત્યારે પગ લપસતા જમણા તથા ડાબા હાથની અસ્થિભંગની ઈજા થતાં જમણા એક્ષટેબલ હાડકામા અસ્થિભંગ થતાં આખા શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ થતાં ઈજા ભંગ હાલતમાં ડો. ચેતન વોરાની હોસ્પિટલમાં દાખલ કરેલા અને ગંભીર ઈજાના પરીણામે વડોદરાની આર્શિવાદ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલા. અને ઓપરેશન કરી પ્લેટ અને સળિયા નખાવેલા અને ૧૫

દિવસ સુધી સારવાર આપવામાં આવેલી અને ૪ માસ સુધી પથારીવશ રહેલા. અને ૧ વર્ષ સુધી બહારના દર્દી તરીકે સારવાર લીધેલી અને મેડીકલ ખર્ચ રૂા. ૨,૩૦,૦૦૦/– કરી નાખેલો. અકસ્માત અંગે કંડલા પોલીસ સ્ટેશનમાં નોંધ નં. ૧૫/૧૩ તા. ૨૯/૫/૧૩ ના રોજ થયેલી. પોલીસ પંચનામુ થયેલું જેની નકલ આ કામે રજુ છે. અકસ્માતના પરીણામે અરજદારને કાયમી ખોડના લીધે અપંગ બની ગયેલ હોય વળતર મેળવવા આ અરજી કરેલ છે. અરજદારની ડ્રાઈવર કમ કલીનર તરીકેની ફરજ દરમ્યાન ઈજાઓ થયેલી અને કાયમી ખોડ રહી ગયેલી છે. અને વળતર મેળવવા હકકદાર છે. સામાવાળા નં. ૧ માલીક તરીકે તેઓ દવારા ડમ્પર નં. જીજે.૧૨.એ.વાય. ૦૩૬૫ ઉપર ડ્રાઈવર કમ કલીનર તરીકે ફરજ બજાવતા હતા અને માસિક પગાર રૂા.૮૦૦૦/– તેમજ દૈનિક ભથ્થુ રૂા. ૧૦૦/– આપવામાં આવતુ હતું. સામાવાળા નં. ૧ ના વાહનનો વિમો સામાવાળા નં. ૨ વિમાકંપની પાસેથી ઉતરાવેલ છે. અરજદાર કાયમી ખોડના લીધે વળતર મેળવવા હકકદાર છે અને દર મહીને રૂા. ૧૧,૦૦૦/– જેટલું કમાતા હતા. આ કાયદા મુજબ રૂા. ૮૦૦૦/– પગાર ધ્યાને લેતાં આ કામના સામાવાળા નં. ૧–૨ પાસે વળતરની રકમ રૂા. ૧૦,૨૫,૧૩૫/–, રૂા. ૨,૩૦,૦૦૦/– મેડીકલ સારવાર, રૂા. ૨૫,૦૦૦/– અર્ધ માસિક પગાર, એમ કુલ્લ રકમ રૂા. ૧૨,૮૦,૧૩૫/– અને તેથી સામાવાળાઓ સંયુકત અને પૃથ્થક રીતે ચુકવવા જવાબદાર છે. અરજી સાંભળવાની અદાલતને હકુમત છે. કોર્ટ ફી સ્ટેમ્પ રૂા. ૨૫૬૪/– વળતરની રકમ ઉપર રજુ કરેલ છે. અરજી કરવાનું કારણ તા. ૨૯/૫/૧૩ ના રો સામાવાળા નં. ૧ ની માલીકીના ડમ્પર નં. જીજે.૧૨.એ.વાય. ૦૩૬૫ ઉપર ફરજ દરમ્યાન થયેલ ઈજાના કારણે બનવા પામેલ છે. સામાવાળા નં. ૧ ને વળતર ચુકવવા નોટીસ આપેલ હોવા છતાં વળતર ચુકવેલ ન હોય વ્યાજ અને ૫૦ % પેનલ્ટીની રકમ ચુકવવા સામાવાળા જવાબદાર છે. આ અરજી સિવાય અન્ય કોઈ અરજી કરેલ નથી. સામાવાળા નં. ૧–૨ ને નોટીસ બજવા છતાં વળતરની રકમ જમા કરાવેલ નથી તેથી વળતરની રકમ મેળવવા માટે અરજીમાં માગ્યા મુજબની દાદ અપાવવા અરજ છે.

અરજી અદાલત સમક્ષ આવતા પક્ષકારોને નોટીસ કાઢવાનો હુકમ કરેલ. આંક–૩ થી શ્રી. એમ.એસ. ખાંડેકાનું વકીલપત્ર રજુ થયેલ છે. આ કામે આંક–૭ થી સામાવાળા નં. ૨ ને નોટીસ કાઢેલી જે આંક–૮ થી બજી ગયેલ છે. વિમાકંપની તરફે આંક–૧૦ થી શ્રી. સંગીતાબેન સચદેનું વકીલપત્ર રજુ થયેલ છે. આંક–૧૨ થી સામાવાળા નં. ૧ તરફે શ્રી. વી.કે.દવેનું વકીલપત્ર રજુ થયેલ છે.

આંક–૧૩ થી સામાવાળા નં. ૧ ના એ લેખિત જવાબ રજુ કરેલ છે જેની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની અરજીના પેરા નં. ૧ ની હકીકત અંશત: ખરી છે. અરજદાર અમારી માલીકીના ડમ્પર નં. જીજે.૧૨.એ.વાય. ૦૩૬૫ ડ્રાઈવર કમ કલીનર તરીકે ફરજ બજાવતા હતા. પરંતુ તેઓને અમોએ તા. ૨૯/૫/૧૩ ના રોજ મીઠુ ખાલી કરવા કે ઘઉં ભરવા ડમ્પર સાફ કરવાની કોઈ સુચના આપેલ નહીં અરજદાર પોતાની રીતે કૃત્ય કરેલ હોય અમો કોઈ રીતે જવાબદાર નથી. ગાડી સાફ કરવાની ફરજમાં આવતું નથી. અરજદારની બેદરકારીના લીધે અકસ્માત થયેલ હોય સામાવાળા જવાબદાર નથી. અરજદારને થયેલ ઈજા સંબંધી કે ખર્ચ સંબંધે અમને કોઈ જાત માહીતી ન હોય અરજદારે નામ. કોર્ટ સમક્ષ પુરાવાથી પુરવાર કરવી જોઈએ. અરજીના પેરા નં. ૨ માં જણાવેલ ઈજા અંગે અમને કોઈ જાણકારી નથી. અરજદારને તપાસનાર ડોકટરને નામ. કોર્ટ સમક્ષ લાવીને ખોડ અંગે પુરવાર કરવું

જોઈએ. અરજદારને પગાર અને ભથ્થુ મળીને રૂા. ૮૦૦૦/– મળતા હશે પરંતુ ભથ્થુ અલગથી આપતા હોવાની વાત ખરી નથી. વાહનનો વિમો સામાવાળા નં. ર પાસે ઉતરાવેલ છે. અમો સામાવાળા નં. ૧ વાહન નં. જીજે.૧ર.એ.વાય. ૩૬પ ના માલીક છે. વળતરની રકમની ગણતરી પેરા નં. ૩ માં ખોટી કરેલી છે. અરજદાર રૂા. ૧૧,૦૦૦/– કમાતા હોવાની હકીકત ખરી નથી. અરજદાર કાયમી કામદાર ન હોય ૬ માસની મંથલી વેજીસ મેળવવા હકકદાર નથી. રૂા. ૩,૦૦,૦૦૦/– સારવાર ખર્ચ અંગેની હકીકત ખરી નથી. અરજદારે પુરવાર કરવી જોઈએ. અરજદારને કાયમી ખોડ રહી ગયેલ હોવાનું અમે સ્વિકારતા નથી. અરજદારે કમાવાની શકિત ગુમાવેલ ન હોય પ % થી ૧૦ % ખોડ આવેલ હોય સંપુર્ણપણે કામ કરવાની શકિતમાં ઘટાડો થયેલ નથી.અરજદાર માગ્યા મુજબનું વળતર મેળવવા હકકદાર નથી. અન્ય જગ્યાએ ડ્રાઈવર તરીકે કામગીરી કરીને કમાતા હોય વળતર મેળવવા હકકદાર નથી. અરજદારે તેમની હકીકત પુરાવાથી પુરવાર કરવી જોઈએ. અરજીના પેરા નં. ૪–પ અંગે કોઈ તકરાર નથી. અરજી કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી તેનો ઈન્કાર કરવામાં આવે છે. અરજીના પેરા નં. ૭ ની હકીકત ખરી નથી. અરજદારે અમારી સમક્ષ કોઈ કલેઈમ ફોર્મ ભરીને દસ્તાવેજો પુરા પાડેલ નથી. નોટીસ અધુરી વિગતો વાળી હોયને પેનલ્ટીની કોઈ રકમ મેળવવા હકકદાર નથી. અરજીમાં માગેલ કોઈ દાદ માગવા કે મેળવવા હકકદાર ન હોય અરજી રદ થવા પાત્ર છે.

આ કામે સામાવાળા નં. ર વિમાકંપની તરફે આંક–૧૯ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની અરજીની તમામ હકીકત ઉપજાવી કાઢેલ હોય કાયદા અને હકીકતમાં અરજી ટકવાપાત્ર ન હોય અરજી રદ થવા પાત્ર છે. અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરવામાં આવે છે અને સ્પષ્ટ પુરાવાથી પુરવાર કર્યા સિવાય અરજીની હકીકત કબુલ મંજુર નથી. અરજદારે વ્યાજની જે રકમ માગેલ છે તે વ્યાજ અધિનિયમ ૧૯૭૮ ની કલમ–૩ મુજબ અતિરેક ભરેલી છે. અરજદારને સામાવાળા નં. ૧ ના એ કોઈ મેડીકલ પેપર, સારવાર અંગેના એમ.એલ.સી., ખોડ નું પ્રમાણપત્ર, નિમણુંક પત્ર, મસ્ટર રજીસ્ટર, પગાર રજીસ્ટર રજુ કરેલ નથી. વાહનની આર.સી.બુક, ફીટનેશ સર્ટીફીકેટ રજુ કરેલ છે. ડ્રાઈવીંગ લાયસન્સ અકસ્માત સમયે અસરકારક હતુ તે પુરવાર ન થાય ત્યાં સુધી અરજદાર સામે વિરૂઘ્ધનું અનુમાન કરીને વિમાકંપનીની પોલીસીની શરતો અને જોગવાઈનો ભંગ કરેલ હોય કાયદા મુજબ વિમાકંપનીની કોઈ જવાબદારી નથી તેથી અરજી રદ કરવા પાત્ર છે. આ કાયદાની કલમ–૧૦ મુજબ અરજદારે કોઈ નોટીસ આપેલ નથી અને જરૂરી દસ્તાવેજો રજુ કરેલ ન હોય અરજી ટકવાપાત્ર નથી. અરજદાર સામાવાળા નં. ૧ માં ડ્રાઈવર તરીક કામ કરતા હતા તેનો ઈન્કાર કરવામાં આવે છે અને અકસ્માત સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન બનવા પામેલ અને અકસ્માતના પરીણામે ગંભીર ઈજા થયેલ હોવાનું અને તેને લીધે કાયમી ખોડ રહી ગયેલ હોવાની હકીકત સ્પષ્ટપણે નકારવામાં આવે છે અને અરજદારે સ્પષ્ટ પુરાવાથી કથનો પુરવાર કરવા જોઈએ. અરજદારે રજુ કરેલ પોલીસ પેપર જોતાં તથા હકીકત જોતાં અરજદારે સલામતીના રૂલ્સનો જાતે ભંગ કરેલ હોય કામદાર વળતર અધિનિયમ હેઠળ વિમાકંપની વળતર ચુકવવા જવાબદાર નથી. અરજદારને ઈજાના પરીણામે કોઈપણ કામ કરવા માટે સક્ષમ નથી અને ૧૦૦ % કામગીરી કરવાની કાર્યક્ષમતા ગુમાવેલ છે અને અર્નિંગ કેપેસીટી ૧૦૦ % ગુમાવાની હકીકત ખરી નથી. અરજદારે ત પુરવાર કરવા માટે મેડીકલ પેપર, ડીસેબીલીટી સર્ટીફીકેટ રજુ કરેલ નથી તેથી વિરૂઘ્ધનું અનુમાન કરી અરજી રદ કરવા અરજ છે. અકસ્માત સમયે અરજદારની ૪ર વર્ષની ઉમર હતી

અને માસિક પગાર રૂા. ૧૧,૦૦૦/– ભથ્થા સહીત મળતો હતો તેનો ઈનકાર કરવામાં આવે છે અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવા અરજ છે. અરજદારે વળતરની જે ગણતરી કરેલ છે તે મળવાપાત્ર નથી અને કામદાર વળતર અધિનિયમ હેઠળ વળતર ચુકવવાની પ્રાથમિક જવાબદારી માલીકની બનતી હોય તે ચુકવવા માલીક નિષ્ફળ જાય તો વ્યાજ અને પેનલ્ટી ચુકવવાની જવાબદારી માલીકની બનતી હોય વિમાકંપની વળતર ચુકવવા જવાબદાર ન હોય અરજી રદ થવા પાત્ર છે. અરજી કરવાનું કોઈ કારણ અરજદારને ઉત્પન્ન થયેલ ન હોય અરજી કાયદામાં ટકવાપાત્ર ન હોય અરજી રદ થવા પાત્ર છે. અને વિમાકંપની પોતાના લેખિત જવાબમાં સુધારો વધારો કરવાનો જરૂર પડયે હકક અબાધિત રાખે છે અને અરજદારની અરજી રદ કરવા અરજ છે.

ત્યારબાદ આ કામ અરજદારના પુરાવા ઉપર રાખવામાં આવતાં અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા આ કામે આંક–૪ ના લીસ્ટથી રજુ કરેલ છે જેમાં સ્થાનિક જગ્યાનું પંચનામુ, વકીલ દવારા આપવામાં આવેલ નોટીસ, નોટીસ મોકલ્યા અંગેની રજી. એ.ડી.ની સ્લિપ,નોટીસ મળ્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લિપ, અરજદારનું ડ્રાઈવીંગ લાયસન્સ, ડમ્પર નં. જીજે.૧ર.એવાય.૦૩૬પ ની આર.સી.બુક, વિમાપોલીસી, વાહનની પરમીટ, ફીટનેસ સર્ટીફીકેટ, આશીર્વાદ હોસ્પિટલનું ડીસ્ચાર્જ કાર્ડ, જેમાં વિમાકંપનીના વકીલે સીરીયલ નં. ૧–ર–૩–૪ અને સીરીયલ નં. ૮–૧૦–૧૧–૧ર ને લીધેલ તકરારને કબુલ કર્યા સિવાય પાકો આંક આપવામાં આવે તેવી નોંધ મુકેલ છે. જે દસ્તાવેજો વંચાણે લીધા...

ત્યારબાદ અરજદાર તરફે વધુ દસ્તાવેજો આંક–ર૩ ના લીસ્ટથી રજુ કરેલ છે જેમાં આંક–૪ માં રજુ કરેલ દસ્તાવેજો છે જેમાં અરજદારે કાયમી ખોડ અંગે ડો. હોતચંદાણીનો ખોડ અંગેનો દાખલો અને સારવાર દરમ્યાન લીધેલ ફોટોગ્રાફ રજુ કરેલ છે. અરજદારે રજુ કરેલ ખોડ અંગેના પ્રમાણપત્ર ઉપર વિમાકંપનીના વકીલે એવી નોંધ મુકેલ છે કે, જવાબદારી સ્વિકાર્યા વગર સામાવાળા નં. ૧ ના વકીલ શ્રી. વી.કે. દવેની નોંધ ઉપર સીન કરેલ છે. જે પ્રમાણપત્રમાં સામાવાળા નં. ૧ ના વકીલે એવી નોંધ મુકેલ છે કે, બોડી એઝ એ હોલ ૩પ % ગણવામાં આવે તો વાંધો નથી. આ કામે આંક–ર૪ થી સારવાર અંગેના દસ્તાવેજ રજુ કરેલ છે ત્યારબાદ આ કામે અરજદાર તરફે સોગંદનામા ઉપર પુરાવો આંક–રર થી રજુ કરેલ છે જેની ઉલટતપાસ સામાવાળા નં. ૧–ર ના એ કરેલ છે. ત્યારબાદ અરજદાર અને વિમાકંપની તરફે આંક–રપ થી સંયુકત કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે. સામાવાળા નં. ૧ તરફે આ કામે કોઈ પુરાવો રજુ ન કરતા સામાવાળા નં. ૧ ના દલીલનો હકક બંધ કરી આ કામ દલીલ ઉપર રાખવામાં આવેલ છે.

આ કામે અરજદાર તરફે શ્રી. એસ.એમ.ખાંડેકા મૌખિક દલીલ કરતા જણાવે છે કે, અરજદાર સામાવાળા નં. ૧ ની માલીકીના ડમ્પર નં. જીજે.૧ર.એ.વાય. ૦૩૬પ ઉપર ફરજ દરમ્યાન તા. ર૯/પ/૧૩ ના રોજ અકસ્માત થયેલ છે અને જમણા તથા ડાબા હાથમાં તેમજ શરીરના અન્ય ભાગોમાં ઈજા થતાં તાત્કાલીક ડો. ચેતન વોરાની હોસ્પિટલમાં સારવાર લીધા બાદ આશીર્વાદ હોસ્પિટલ બરોડા સારવાર લીધેલી અને કાયમી રીતે ખોડના કારણે અપંગ બની ગયેલા. સામાવાળા માસિક પગાર રૂા. ૮૦૦૦/–,દૈનિક રૂા. ૧૦૦/–ભથ્થુ આપતા હતા.સદર વાહનનો વિમો આ

કામના સામાવાળા નં. ૨ વિમાકંપની પાસે ઉતારેલ છે અને વળતરની રકમ રૂા. ૮૦૦૦/– લેખે રૂા. ૧૦,૮૦,૧૩૫/– તથા મેડીકલ બિલ અને વચગાળાનો પગાર એમ ગણીને રૂા. ૧૨,૮૦,૧૩૫/– અરજદાર મેળવવા હકકદાર થાય છે. અરજદારનું આંક–૨૨ ના સોગંદનામાથી પુરવાર થાય છે અને આ કામે ખોડ અંગેનું પ્રમાણપત્ર ડો. હોતચંદાણીએ આપેલ છે જેમાં અરજદાર કોઈપણ કામ કરવા સક્ષમ નથી. આંક–૪ ,આંક–૨૩ થી દસ્તાવેજો રજુ કરેલાછે જેને જુબાનીથી સમર્થન મળે છે અને નિયત સમયમર્યાદામાં વળતરની રકમ જમા કરાવેલ ન હોય વ્યાજ તથા પેનલ્ટી મેળવવા અરજદાર હકકદાર છે.

સામાવાળા નં. ૧ તરફે શ્રી. વી.કે.દવે મૌખિક દલીલ કરતા જણાવે છે કે, સામાવાળા નં. ૧ ના એ આ કામે રજુ કરેલ લેખિત જવાબને આ કામે દલીલ તરીકે ગણવી.

સામાવાળા નં. ૨ તરફે શ્રી. સંગીતાબેન સચદે મૌખિક દલીલ કરતા જણાવે છે કે, આ કામે અરજદાર સામાવાળા નં. ૧ ના કામદાર હતા તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી. કામદાર માલીકનો સંબંધ પુરવાર કરવો જોઈએ. મેડીકલ પેપર્સમાં ડીસેબીલીટી પ્રમાણપત્ર ડો. હોતચંદાણીનું રજુ કરેલ છે તે ડોકટરને તપાસેલ નથી અને જે હોસ્પિટલમાં સારવાર લીધી હતી ત્યાં કોઈ ડોકટરને તપાસેલ નથી. અકસ્માત રઅદારની બેદરકારીના કારણે થયેલ છે તેથી વળતર ચુકવવાની કોઈ જવાબદારી સામાવાળા નં. ૨ ની થતી નથી. સામાવાળા નં. ૨ ને કોઈ નોટીસ આપેલ નથી. આ કાયદાની કલમ–૧૦ મુજબ નોટીસ મળેલ નથી. અરજદારની આવક અને ઉંમર અંગે કોઈ પુરાવો રજુ કરેલ નથી તેવું આંક–૨૨ ના સોગંદનામાની ઉલટતપાસથી ફલિત થાય છે તેથી અરજદારે જે માંગણી કરેલ છે તે અતિરેક હોય અરજી નામંજુર કરવા મૌખિક રીતે દલીલ કરતા જણાવેલ છે. પોલીસીની શરતોનો ભંગ કરેલ છે.

૩. આ કામે મારા પુરોગામી કમિશ્નરશ્રીએ આંક–૧૬ થી ઈસ્યુ ફ્રેઈમ કરેલ છે જેમાં નીચે મુજબના મુદા ઉપસ્થિત થયેલ છે.

મુદા

૧. શું અરજદાર સામાવાળા નં. ૧ ના કામદાર હોવાનું સાબિત થાય છે. ?

૨. શું અરજદારને સામાવાળાની નોકરી દરમ્યાન, નોકરીની ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થવા પામેલ છે. ?

૩. જો હા તો શું અકસ્માતના કારણે કેટલા ટકા કાયમી ખોડ રહી જવા પામેલ છે. ?

૪. અકસ્માત સમયે અરજદારની ઉંમર કેટલી હતી ?

૫. અકસ્માત સમયે અરજદારને કેટલો પગાર મળતો હતો. ?

૬. સામાવાળાઓ વળતરની રકમ અરજદારને ચુકવવા જવાબદાર થાય છે કે કેમ ? જો હા તો કેટલી રકમ ?

૭. શું સામાવાળાઓએ અરજદારને વળતરની રકમ ચુકવવામાં બેદરકારી દાખવેલ છે. ? જો હા તો શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે. ?

૮. સામાવાળા નં. ૨ વિમાકંપનીની શું જવાબદારી થાય છે. ?

૯. શો આખરી હુકમ ?

ઉપરોકત મુદાઓનો મારો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

૧. મુદા નં. ૧ હકારમાં

૨. મુદા નં. ૨ હકારમાં

૩. મુદા નં. ૩ અંશત: હકારમાં

૪. મુદા નં. ૪ અંશત: હકારમાં

૫. મુદા નં. ૫ અંશત: હકારમાં

૬. મુદા નં. ૬ અંશત: હકારમાં

૭. મુદા નં. ૭ અંશત: હકારમાં

૮. મુદા નં. ૮ અંશત: હકારમાં

૯. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદાઓના મારા તારણો નીચે મુજબ છે.

<u>મુદા નં. ૧ અને નં. ૨</u> :–

ઉપરોકત મુદા નં.૧ તથા નં. ૨ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરોકિત ટાળવા

માટે સંયુકત તારણ આપવાનું ઠરાવવામાં આવે છે.

આ કામના અરજદારે આંક–૧ ની અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર સામાવાળા નં. ૧ ની માલીકીના ડમ્પર નં. જીજે.૧૨. એવાય. ૦૩૬૫ ઉપર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તા. ૨૯/૫/૧૩ ના રોજ કંડલા ફ્રેન્ડ સોલ્ટ પુલની આગળ કંડલા મીઠુ ખાલી કરીને ઘઉં ભરવા માટે ડમ્પર પાણીથી સાફ કરતા હતા ત્યારે પગ લપસતા જમણા તથા ડાબા હાથની અસ્થિભંગની ઈજા થતાં જમણા એક્ષટેબલ હાડકામા અસ્થિભંગ થતાંઆખા શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ થતાં ઈજા ભંગ હાલતમાં ડો. ચેતન વોરાની હોસ્પિટલમાં દાખલ કરેલા. આ કામે સામાવાળા નં. ૧ ના એ લેખિત જવાબ આંક–૧૩ થી રજુ કરેલ છે જેમાં અરજદારની અરજીના પેરા નં. ૧ ની હકીકત આંશિક રીતે ખરી છે કે આ કામના અરજદાર અમારી માલીકીના ડમ્પર નં. જીજે.૧૨.એવાય. ૦૩૬૫ ડ્રાઈવર/કલીનર તરીકે ફરજ બજાવતા હતા. તા. ૨૯/૫/૧૩ ના રોજ અમોએ તેઓને મીઠુ ખાલી કરવા, ઘઉં ભરવા કે ડમ્પર ખાલી કરવા સુચના આપેલ નહીં. અરજદારને તેમની બેદરકારીથી અકસ્માત થયેલ છે. સામાવાળા નં. ૨ ના આંક–૧૯ ના લેખિત જવાબમાં અરજદાર સામાવાળા નં. ૧ માં ફરજ બજાવતા હતા તે અંગે કોઈ એપોઈન્ટમેન્ટ લેટર, સેલરી રજીસ્ટર રજુ કરેલ નથી અને અરજદાર તા. ૧૯/૫/૧૩ ના રોજ સામાવાળા નં. ૧ ના ફરજ દરમ્યાન અકસ્માત થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરવામાં આવે છે. અરજદારે તેમની અરજીની હકીકત સ્પષ્ટ પુરાવાથી પુરવાર કરવી જોઈએ. આ અંગે અરજદારના આંક–૨૨ ના સોગંદનામાની જુબાની જોઈએ તો, આંક–૧ ની અરજીની હકીકત સાચી છે., તા. ૨૯/૫/૧૩ ના અરસામાં અમો અરજદાર સામાવાળા નં.૧ ના માલીકીના ડમ્પર નં. જીજે.૧૨. એવાય. ૦૩૬૫ ઉપર ડ્રાઈવર/કલીનર તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે કંડલા ફ્રેન સોલ્ટ પુલની આગળ મીઠુ ખાલી કરી ઘઉં ભરવા માટે ડમ્પર પાણીથી સાફ કરતી વખતે પગ લપસતા ગંભીર ઈજા થયેલી. આ અંગે આંક–૪/૧ થી કંડલા પોલીસ સ્ટેશનની ડાયરી એન્ટ્રી નં. ૧૫/૧૩, આંક–૪/૨ સ્થાનિક જગ્યાના પંચનામાની નકલ રજુ કરેલ છે. સામાવાળા નં. ૨ તરફે ઉલટતપાસમાં '' આ કોર્ટ સિવાય અન્ય કોઈ કોર્ટમાં અકસ્મત વળતરની અરજી કરેલ નથી. એ વાત ખરી છે કે, ડ્રાઈવરની જવાબદારીમાં ડમ્પર સાફ કરવાની જવાબદારી ન આવે. એ વાત ખરી છે કે માલીકે મને ડમ્પર સાફ કરવાની સુચના આપેલ ન હતી. એ વાત ખરી છે કે, હું સામાવાળા નં. ૧ ના ડમ્પર નં. જીજે.૧૨.એવાય. ૦૩૬૫ ઉપર ડ્રાઈવર/કલીનર તરીકે કામ કરીને માસિક પગાર રૂા. ૮૦૦૦/– અને દૈનિક ભથ્થુ રૂા. ૧૦૦/– મેળવતો કોઈ દસ્તાવેજી આધાર રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, મારા અને સામાવાળા નં. ૧ વચ્ચે કામદાર–માલીકના સંબંધ ન હતા. એ વાત ખરી નથી કે, મને તા. ૨૯/૫/૧૩ ના સ.ામાવાળા નં. ૧ ની માલીકીના ડમ્પર નં. જીજે.૧૨.એવાય. ૦૩૬૫ ઉપર નોકરીના સમય દરમ્યાન ઈજાઓ થયેલ હોવાની હકીકત ખોટી જણાવું છું. '' સામાવાળા નં. ૧ તરફે ઉલટતપાસમાં '' એ વાત ખરી છે કે હું જે ગાડી ચલાવતો હતો તેમાં ડ્રાઈવર/કલીનર તરીકે હું એક જ વ્યકિત હતો. એ વાત ખરી નથી કે મારી બેદરકારીના કારણે અકસ્માત થયેલ છે. આમ, અરજદારની સોગંદનામાની જુબાની જોતાં તેઓ સામાવાળા નં. ૧ ની માલીકના ડમ્પર નં. જીજે.૧૨.એવાય. ૦૩૬૫ ઉપર ડ્રાઈવર/કલીનર તરીકે ફરજ બજાવતા હતા અને કામદાર માલીકનો સંબંધ હતો તેવું ફલિત થાય છે અને તા. ૨૯/૫/૧૩ ના રોજ ફરજ દરમ્યાન અકસ્માત થયેલ છે અને ઈજાઓ થયેલ છે. આ કામે અરજદારે રજુ કરેલ સ્થાનિક જગ્યાનું પંચનામુ જોતાં ડમ્પર

નં. જીજે.૧૨.વાય. ૦૩૬૫ ઉપર અશોકભાઈ કે જેઓ આ કામના અરજદાર છે તેઓ ઘઉં ભરવાના હોવાથી ડમ્પર સાફ કરતા પગ લપસી જતાં ઈજા થયેલ છે. અને તેથી સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન ઈજા થયેલ છે તેવું ફલિત થાય છે. આ કામે અરજદારના વકીલશ્રી એ સામાવાળા નં. ૧–૨ ને નોટીસ મોકલેલી જે નોટીસમાં સામાવાળા નં. ૧–૨ ના એ જવાબ આપેલ નથી તેથી અરજદારને સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે અકસ્માત થયેલ છે તેવું પુરવાર થાય છે તેથી મુદા નં. ૧–૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે, આ કામના અરજદાર સામાવાળા નં. ૧ ના ડ્રાઈવર/કલીનર તરીકે ફરજ બજાવતા હતા અને અકસ્માત ફરજના ભાગરૂપે થયેલ છે. તેથી અરજદારની એ દલીલ સાથે અદાલત સંમત છે કે અરજદાર સામાવાળા નં. ૧ ના કામદાર હતા અને કામદાર–માલીકનો સંબંધ હતો. અને ફરજના ભાગરૂપે અકસ્માત થયેલ છે.

<u>મુદા નં. ૩</u> :–

અરજદારે આંક–૧ ની અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, તા. ૨૯/૫/૧૩ ના રોજ ડમ્પર પાણીથી સાફ કરતી વખતે પગ લપસી જતા ડાબા અને જમણા હાથમાં અસ્થિભંગની ઈજા થયેલ તથા છાતીની પાંસળી તથા પગના ઢીંચણ, થાપાના ભાગે ઈજા થયેલી. ડો. ચેતન વોરા અને આશીર્વાદ હોસ્પિટલમાં સારવાર લીધેલી તથા કાયમી ખોડ રહી ગયેલી. સામાવાળા નં. ૧ ના એ આંક–૧૩ ના લેખિત જવાબમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદારને થયેલ ઈજા અંગે અમે કંઈ જાણતા નથી. અરજદારની ઈજા અંગે ડોકટરને નામ. કોર્ટ સમક્ષ લાવીને અરજદારે પોતાના કથનો પુરવાર કરવા જોઈએ. સામાવાળા નં. ૨ વિમાકંપનીએ આંક–૧૯ ના જવાબમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદારે ડીસેબીલીટી સર્ટીફીકેટ તથા મેડીકલ સારવાર અંગેના પેપર્સ રજુ કરેલ નથી.અરજદારે સ્વૈચ્છિક રીતે સલામતીના નિયમોનો ભંગ કરેલ હોય વળતરની આ અરજી ચાલવાપાત્ર નથી. આ અંગે અરજદારે આંક–૨૨ ના સોગંદનામામાં એવું જણાવેલ છે કે, ઈજા પામેલ હાલતમાં ડો. ચેતન વોરાની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને ઈજાની વધુ ગંભીરતા જોતાં વધુ સારવાર માટે આશીર્વાદ હોસ્પિટલ વડોદરા ખાતે ખસેડવામાં આવેલા જયાં અમારાપર ઓપરેશન કરી હાડકાના નિષ્ણાંત ડોકટર દવારા પ્લેટ અને સળિયા નાખવામાં આવેલા અને ૧૫ દિવસ અંદરના દર્દી તરીકે સારવાર લીધેલી. ત્યારબાદ બહારના દર્દી તરીકે સારવાર લેવાની સલાહ સાથે રજા આપેલી અને માર્ક ૪/૧૩ થી આશીર્વાદ હોસ્પિટલ દવારા આપેલ ડીસ્ચાર્જ કાર્ડની નકલ રજુ કરેલ છે. આંક–૨૩/૬ થી અરજદારને ડો. હોતચંદાણી દવારા આપેલ ખોડ અંગેનો દાખલો રજુ કરેલ છે. સામાવાળા નં. ૨ તરફે ઉલટતપાસમાં '' ડો. ચેતન વોરાની હોસ્પિટલમાં સૌ પ્રથમ સારવાર લેવા ગયેલો ત્યાં મારો એકસ–રે પાડવામાં આવેલો અને ગોળીઓ આપવામાં આવેલી અને ડોકટરે મને જણાવેલું કે તમારૂં ઓપરેશન વડોદરા ખાતે થઈ શકશે તેથી મને વડોદરા આશીર્વાદ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ. ડો. ચેતન વોરાની હોસ્પિટલમાંથી મને એમ.એલ.સી. મળેલુ હતું કે કેમ ? તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે મને અકસ્માતના કારણે ઈજા થયેલ ન હોય રેકર્ડ ઉપર એમ.એલ.સી. રજુ કરતો નથી. એ વાત ખરી નથી કે મારી ઉપર ઓપરેશન કરવામાં આવેલ ન હતું. અને ૧૫ દિવસ અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ હોવાની હકીકત ખોટી જણાવું છું. મારી સારવાર ૧ વર્ષ ચાલી હતી તે બતાવવા આ કામે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. '' સામાવાળા નં. ૧ તરફે ઉલટતપાસમાં ''

ઈજાના કારણે ફોન દવારા માલીકને જાણ કરેલી અને તેમણે મને હોસ્પિટલમાં સારવાર અપાવેલ હતી. આમ, અરજદારની સોગંદ ઉપરની જુબાની જોતાં અરજદારને ઈજાના પરીણામે સારવાર લીધેલ છે અને આશીર્વાદ હોસ્પિટલમાં તા. ૩૦/૫/૧૩ થી ૪/૬/૨૦૧૩ સુધી તેમજ તા. ૮/૦૬/૨૦૧૩ થી તા. ૧૩/૬/૧૩ સુધી અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ છે. અને એમ.એલ.સી. અંગે કોઈ ઉલ્લેખ ડીસ્ચાર્જ સર્ટીફીકેટમાં થયેલ નથી તેવું ફલિત થાય છે. આ કામે નિશાની ૨૩/૬ થી ડો. હોતચંદાણીનું સર્ટીફીકેટ રજુ કરેલ છે જેમાં સામાવાળા નં. ૧ માલીકે બોડી એઝ એ હોલ ૩૫ % ગણવા સામે વાંધો નથી તેવું જણાવેલ છે અને વિમાકંપનીએ જવાબદારી સ્વિકાર્યા સિવાય નોંધ ઉપર સીન કરેલ છે. આ કામે ડો. હોતચંદાણીએ તા. ૨૫/૫/૧૫ ના રોજ ડીસેબીલીટી સર્ટીફીકેટ આપેલ છે પરંતુ તેઓને આ કામે તપાસેલ નથી અને આશીર્વાદ હોસ્પિટલના ડોકટરને આ કામે તપાસેલ નથી તેથી ૧૦૦ % કાયમી ખોડ હોવાનું સ્વિકારી શકાય નહીં. ડો. હોતચંદાણીનું ખોડ અંગેનું સર્ટીફીકેટ જોઈએ તો, ૫૦ % લોઅર લીમ્બ, ૧૬ % જમણા સાઈડના હાયર લીમ્બ ૨૦ % ડાબા સાઈડના હાયર લીમ્બ દર્શાવેલ છે તે સર્ટીફીકેટ ઉપર સામાવાળા નં. ૧ માલીકના એડવોકેટશ્રીએ ૩૫ % બોડી એઝ એ હોલ ગણવા સામે વાંધો નથી તેવી નોંધ મુકેલ છે. અરજદારે સારવાર આપનાર કોઈ સ્વતંત્ર ડોકટરના સાક્ષી પુરાવા લીધેલ ન હોય અને તેથી અકસ્માતના કારણે અરજદારને ૨૦ % કાયમી આંશિક ખોડ ગણવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી છે તેવું ઠરાવવામાં આવે છે અને તેથી મુદા નં. ૩ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે. તેથી અરજદારના વકીલશ્રીની એ દલીલ સાથે અદાલત સંમત નથી કે અરજદારને અકસ્માતના કારણે કાયમી પ્રકારની સંપુર્ણ ખોડ રહી ગયેલ છે.

<u>મુદા નં. ૪–૫</u> :–

અરજદારે આંક–૧ ની દાવા અરજીમાં અકસ્માત સમયે માસિક પગાર રૂા. ૮૦૦૦/– અને દૈનિક ભથ્થુ રૂા. ૧૦૦/– સામાવાળા ચુકવતા હોવાનું જણાવેલ છે. પરંતુ આંક–૧ ની દાવા અરજીમાં અકસ્માત સમયે ઉંમર કેટલી હતી તે હકીકત જણાવેલ નથી. જયારે સામાવાળા નં. ૧ ના એ તેમના આંક–૧૩ ના લેખિત જવાબમાં માસિક પગાર રૂા. ૮૦૦૦/– ચુકવતા હોવાની હકીકત ખરી નથી અને પગાર અને ભથ્થુ મળીને રૂા. ૮૦૦૦/– આપતા હશે પરંતુ ભથ્થુ અલગથી ચુકવતા હોવાની હકીકત ખરી નથી તેવું જણાવેલ છે. સામાવાળા નં. ૨ ના એ આંક–૧૯ ના જવાબમાં અરજદારે મસ્ટર રજીસ્ટર, સેલરી રજીસ્ટર રજુ કરેલ નથી તે પુરવાર કરવાની જવાબદારી અરજદારની છે તેથી અરજી ચાલવાપાત્ર નથી તેવું જણાવેલ છે. અરજદારે આંક–૨૨ ના સોગંદનામામાં કલીનર/ડ્રાઈવર તરીકે માસિક પગાર રૂા. ૮૦૦૦/– અને દૈનિક ભથ્થુ રૂા. ૧૦૦/– મળતા હોવાનું જણાવેલ છે. અરજદારે માર્ક ૪/૮ થી ડ્રાઈવીંગ લાયસન્સ રજુ કરેલ છે. સામાવાળા નં. ૨ તરફે ઉલટતપાસમાં '' હું સામાવાળા નં. ૧ ને ત્યાં ડમ્પર નં. જીજે.૧૨.એવાય. ૦૩૬૫ ઉપર ડ્રાઈવર/કલીનર તરીકે કામ કરીને માસિક પગાર રૂા. ૮૦૦૦/– અને દૈનિક ભથ્થુ રૂા. ૧૦૦/– કમાતો હતો તે દર્શાવતો કોઈ આધાર રજુ રાખેલ નથી '' સામાવાળા નં. ૧ તરફે ઉલટતપાસમાં '' હું સામાવાળા નં. ૧ ને ત્યાં ડ્રાઈવર/કલીનર તરીકે ફરજ બજાવતો હતો '' આમ, અરજદારની જુબાની જોતાં અકસ્માત સમયે તેમની ઉંમર આ કામે રજુ થયેલ નિશાની ૪/૮ નું ડ્રાઈવીંગ લાયસન્સ જોતાં અરજદારની જન્મ

તા. ૧/૧/૭૧ દર્શાવેલ છે અને અકસ્માત તા. ૨૯/૫/૧૩ ના રોજ થયેલ છે તેથી અકસ્માત સમયે અરજદારની ઉંમર ૪૨ વર્ષની હોવાનું ઠરાવવામાં આવે છે. અરજદારે આવક અંગે કોઈ આધાર રજુ કરેલ ન હોય અને અરજદાર સામાવાળાને ત્યાં કયારથી નોકરી કરતા હતા તે અંગે પણ જણાવેલ નથી અને આ કામના સામાવાળા નં. ૧ પાસેથી પણ પગાર સ્લિપ કે મસ્ટર રજીસ્ટર રજુ કરાવેલ નથી તેથી અકસ્માત સમયે માસિક પગાર રૂા. ૮૦૦૦/- ના બદલે માસિક પગાર રૂા. ૪૦૦૦/- હોવાનું ઠરાવવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી છે.

<u>મુદા નં. ૬ થી નં. ૮</u> :-

ઉપરોકત મુદા નં. ૫ થી નં. ૭ ની હકીકતો એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરોકિત ટાળવા માટે સંયુકત તારણ આપવાનું ઠરાવવામાં આવે છે.

આ કામે અરજદારની અકસ્માત સમયે ઉંમર ૪૨ વર્ષ ની હોય અને માસિક આવક રૂા.૪૦૦૦/ ઠરાવવામાં આવેલ હોય કર્મચારી વળતર અધિનિયમની કલમ-૪ (૧) (બી) જોતા વળતરની રકમ ગણતી વખતે ધ્યાનમાં લેવાની બાબતમા ઈજા પામેલ કામદારના માસિક વેતનના ૬૦ % લેખે ગુણ્યા સંબંધિત અવયવને ધ્યાને લેતાં અકસ્માત સમયે અરજદારની ઉમર ૪૨ વર્ષ છે આ કાયદાની કલમ-૪,અનુસુચિ-૪ મુજબ ૪૨ વર્ષે સંબંધિત અવયવ ૧૭૮.૪૯ આવે છે અને માસિક આવક રૂા. ૪૦૦૦/- ના ૬૦ % લેખે રૂા. ૨૪૦૦/- થાય તેથી અરજદારને જો ૧૦૦ % ખોડ રહેલ હોય તો, રૂા. ૪,૨૮,૩૭૬/- વળતર મળવાપાત્ર થાય છે પરંતુ આ કામે અરજદારને ૨૦ % લેખે ખોડ ગણતા રૂા. ૮૫,૬૭૫/- (અંકે રૂા. પચ્ચાસી હજાર, છસ્સો પંચોતેર પુરા) મળવાપાત્ર છે તેવું અદાલતનું માનવું છે.કલમ-૪ -(એ)(૧) જોતાં અકસ્માત થાય કે તરત જ માલીકે અકસ્માત વળતરની રકમ ચુકવવી જોઈએ.

આ કામે વિમાકંપની તરફે વિમાપોલીસી રજુ થયેલ નથી પરંતુ અરજદાર તરફે આંક-૪/૯ થી વાહનની વિમાપોલીસી રજુ કરેલ છે જેમાં વાહન જીજે.૧૨.વાય. એવાય. ૦૩૬૫ નો વિમાનો પીરીયડ સદર વાહનના માલીક નવિન નારણભાઈ જરૂ એટલે કે આ કામના સામાવાળા નં. ૧ છે અને સદર પોલીસીનો સમયગાળો તા. ૨૩/૦૧/૧૩ થી તા. ૨૨/૦૧/૧૪ સુધીનો છે. અને આ અકસ્માત તા. ૨૯/૦૫/૧૩ ના થયેલ છે જેથી અકસ્માત સમયે સામાવાળા નં. ૧ ના વાહનનો વિમો વિમાકંપની પાસેથી ઉતરાવેલ છે તેવું પુરવાર થાય છે અને થર્ડ પાર્ટી વળતરનું જોખમ વિમાપોલીસીમાં કવર થાય છે અને તેથી અરજદારને વળતરની રકમ રૂા. ૮૫,૬૭૫/- (અંકે રૂા. પચ્ચાસી હજાર, છસ્સો પંચોતેર પુરા) સામાવાળા નં. ૧-૨ ના એ સંયુકત તથા પૃથ્થક પૃથ્થક રીતે ચુકવવા જવાબદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે.

આ કામે કલમ-૪ (એ) મુજબ વળતરની રકમ તાત્કાલીક ચુકવવી જોઈએ અને કલમ-૪ (એ) (૩) મુજબ વળતરની રકમ લેણી થાય તે તારીખથી ૧ મહીનાની અંદર ચુકવવામાં કસુર કરે તો કમિશ્નર કલમ-૪ (૩) (એ) મુજબ બાકી નિકળતી રકમ ઉપર નિર્દિષ્ટિ કરે તેટલા ધિરાણ

દરના અધિકતમ દરથી વધુ ન હોય તેટલા ઉંચા દરે સાદુ વ્યાજ આપવું જોઈએ. આ કામે સામાવાળા નં. ૧–૨ ના એ વળતરની રકમ ૩૦ દિવસની અંદર રકમ જમા કરાવેલ નથી તેથી અકસ્માત થયા તારીખથી અરજદાર વળતરની રકમ ઉપર ૧૨ % સાદુ વ્યાજ મેળવવા હકદાર છે તેવું ઠરાવવામાં આવે છે તેથી અરજદારની એ દલીલ સાથે અદાલત સંમત છે કે કર્મચારી વળતર અધિનિયમ હેઠળ ૩૦ દિવસની અંદર વળતર ચુકવવાની જવાબદારી માલીકની બને છે.

આ કામે કલમ–૪ (એ) (૩) (બી) જોતા વિલંબ માટે વ્યાજબી કારણ ન હોય તો વળતરની રકમની બાકી નિકળતી રકમ ઉપર સાદા વ્યાજ ઉપરાંત પેનલ્ટી ૫૦ % વધુમા વધુ અદાલત કરી શકે એવી જોગવાઈ છે. આ કામે અરજદારે સામાવાળા નં. ૧ ને તા. ૨૧/૬/૧૩ ના રોજ નોટીસ આપેલી જે અકસ્માત બાદ  વિલંબથી આપેલ છે. સામાવાળા નં. ૧ માલીકને નોટીસ બજેલ છે પરંતુ સામાવાળા નં. ૧ માલીકે સામાવાળા નં. ૨ વિમાકંપનીને જાણ કરેલ હોય તેવું ફલિત થતું નથી. પરંતુ સામાવાળા નં. ૧ માલીકે તેના સમર્થનમાં કોઈ પુરાવા હાજર રહીને આપેલ નથી.  તે જોતાં કાયદાની કલમ–૩ જોતાં વળતરની પ્રાથમિક જવાબદારી માલીકની હોય માલીકે વળતર ચુકવવામાં બેદરકારી દાખવેલ છે.સમગ્ર કેસનું રેકર્ડ જોતાં વળતરની રકમ ઉપર ૫૦ % પેનલ્ટીના બદલે ૪૦ % પેનલ્ટી લેખે રૂા. ૩૪,૨૭૦/– (અંકે રૂા. ચોત્રીસ હજાર, બસ્સો સીતેર પુરા) ની રકમ ચુકવવા માલીક ચુકવવા જવાબદાર છે તેવું ઠરાવવામા આવે છે તેથી મુદા નં. ૬ થી ૮ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

આ કામે અરજદારે તેમની આંક–૧ ની દાવા અરજીમાં સારવાર ખર્ચ પેટે રૂા. ૨,૩૦,૦૦૦/– (અંકે રૂા. બે લાખ, ત્રીસ હજાર પુરા) મેડીકલ ખર્ચની માગણી કરેલ છે પરંતુ આ અંગે કાયદામાં કોઈ જોગવાઈ ન હોય તેમજ આંક–૨૨ ની સરતપાસમાં એવું  સ્વિકારેલ છે કે, '' વડોદરાથી પરત આવતા હતા ત્યારે કાગળોની ફાઈલ એમ્બ્યુલન્સમાં રહી જતાં આજદિન સુધી અસલ કાગળ મળી આવેલ નથી. સામાવાળા તરફે ઉલટતપાસમાં '' એ વાત ખરી નથી કે સારવાર અંગેના બિલ એમ્બ્યુલન્સમાં રહી જતાં રજુ કરેલ નથી એ હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી છે કે, મે મારી દાવા અરજીમાં મારા મેડીકલ બિલો ખોવાઈ ગયા અંગેની હકીકત જણાવેલ નથી. આમ, સોગંદ ઉપરની જુબાનીથી એ ફલિત થાય છે કે, દાવા અરજીમાં જે હકીકત જણાવેલ ન હોય તેને પુરાવામાં ધ્યાને લઈ શકાય નહીં તેથી પણ મેડીકલ ખર્ચ  અંગે કોઈ હુકમ કરવો જરૂરી નથી.

ઉપરોકત ચર્ચા અને કારણો જોતા આ કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. અરજદારની વ.કો.નોનફેટલ અરજી નં. ૨૭/૨૦૧૩ અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા નં. ૧–૨ સામે એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારને વળતરની રકમ રૂા. ૮૫,૬૭૫/– (અંકે રૂા. પચ્ચાસી હજાર, છસ્સો પંચોતેર પુરા) તથા વળતરની રકમ ઉપર

અકસ્માત તારીખથી  ૧૨ % વાર્ષિક સાદુ વ્યાજ ચુકવવા સંયુકત અને પૃથ્થક પૃથ્થક રીતે જવાબદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે.

૩. આ કામના સામાવાળા નં. ૧ માલીકને એવો હુકમ કરવામાં આવે છે કે, અકસ્માત વળતરની રકમ ઉપર ૪૦ % પેનલ્ટીની રકમ પેટે રૂા.૩૪,૨૭૦/– (અંકે રૂા. ચોત્રીસ હજાર, બસ્સો સીતેર પુરા) અરજદારને ચુકવવા જવાબદાર થાય છે.

૪. આ અરજી ખર્ચના રૂા. ૧૦૦૦/–સામાવાળા નં. ૧  માલીક અરજદારને ચુકવવા જવાબદાર થાય છે.

આજરોજ આ હુકમ તા. ૧૭ મે ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૭/૦૫/૨૦૧૯
ભુજ–કચ્છ.

(કે.એલ.બારીયા)
કમિશ્નર,
વર્કમેન કોમ્પેનશેસન એકટ,
મજુર અદાલત,ભુજ–કચ્છ
જીજે.૦૦૭૮૬.